# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

SGCCI

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/023 Dt. 30/06/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા Understanding Quant Investing વિષય પર સેશન યોજાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૬ જૂન ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે Understanding Quant Investing વિષય પર સેશન યોજાયું હતું, જેમાં કવોન્ટ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજીના હેડ શ્રી સિદ્ધાર્થ વોરાએ સુરતના ઉદ્યોગ સાહસિકોને આધુનિક અને વૈજ્ઞાનિક રોકાણ પદ્ધતિ વિશે વિગતવાર માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, આજના સમયમાં, જે ઝડપથી બજાર બદલાય છે એવી પરિસ્થિતિમાં પરંપરાગત રોકાણ પદ્ધતિઓની સાથે હવે ડેટા અને ટેકનોલોજીની ભૂમિકા ખૂબજ મહત્વપૂર્ણ બની ગઈ છે. Quant Investing એ એવી શૈલી છે, જ્યાં આંકડાઓ અને લોજિક આધારિત રોકાણના નિર્ણય લેવામાં આવે છે. આ ડેટા–ડ્રિવન સ્ટ્રેટેજી દ્વારા રોકાણકારો વધુ સારી રીતે રોકાણ સંબંધિત નિર્ણય લઈ શકે છે.

કવોન્ટ ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજીના હેડ શ્રી સિદ્ધાર્થ વોરાએ જણાવ્યું હતું કે, કવોન્ટ ઇન્વેસ્ટિંગ એટલે એવી ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી જેમાં ડેટા, આંકડા અને અલ્ગોરિધમ આધારિત મોડેલ્સ દ્વારા રોકાણના નિર્ણયો લેવામાં આવે છે. આ પદ્ધતિ પરંપરાગત રોકાણ પદ્ધતિથી અલગ છે, કારણ કે તેમાં વ્યક્તિગત મત કે અનુમાનને બદલે માત્ર તથ્ય આધારિત અને નિયત માપદંડોને આધારે નિર્ણયો લેવાય છે. કવોન્ટ મોડેલ્સ મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી ટેકનોલોજીને આધારે માર્કેટની ઘટનાઓનું વિશ્લેષણ કરે છે અને ઝડપી સચોટ નિર્ણય લેવામાં મદદ કરે છે. આવા મોડેલ્સ મોટી સંખ્યામાં ડેટા હેન્ડલ કરી શકે છે અને માર્કેટની અસમાનતાઓમાંથી લાભ ઉઠાવવાની તક આપે છે.

ભારતીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ થયેલા કેટલાક કવોન્ટ ફંડસના ઉદાહરણો આપતા તેમણે જણાવ્યું હતું કે, કેવી રીતે આ સ્ટ્રેટેજીઓ સ્થિર અને લાંબા ગાળાના રિટર્ન્સ આપી શકે છે. તેમણે ઉદ્યોગ સાહસિકોને અપીલ કરી કે રોકાણ માટે વૈજ્ઞાનિક અને શિસ્તબદ્ધ દૃષ્ટિકોણ અપનાવવો આજના સમયમાં અનિવાર્ય બની ગયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુરત જેવા વિકસતા શહેરોમાં ઉદ્યોગ સાહસિકો માટે આવી આધુનિક રોકાણ પદ્ધતિઓને સમજવી અને તેનો ઉપયોગ કરવો ભવિષ્યમાં વધુ સફળતા માટે મહત્વપૂર્ણ બની રહેશે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો–ચેરમેન અયુબ યાકૂબઅલી, કમિટી એડવાઇઝર શ્રી કેતન દલાલ અને કમિટીના સભ્ય ડો. રાકેશ દોશીએ સેશનને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.